2023



માતા-પિતાની માહિતી શ્રેણી
Maryland માં વિશેષ શિક્ષણ સેવાઓ:

માર્ગદર્શિકા

# વૈકલ્પિક શિક્ષણ ફ્રેમવર્ક



# પરિચય

**માતાપિતાની માહિતી શ્રેણી એ Maryland માં રાજ્યવ્યાપી વિશેષ શિક્ષણ પ્રણાલીમાં પરિવારોને સહાય કરવા માટે રચાયેલ પ્રકાશનોનો સંગ્રહ છે.** આ પુસ્તિકા સાથે, અમે સમર્પિત વ્યાવસાયિકોના જૂથમાં તમને આવકારવા અને તમારા બાળકની સફળતાને ટેકો આપવા અને તમારા પરિવારને મદદ કરવા માટે ફેડરલ અને રાજ્ય કાયદા દ્વારા નિર્મિત પ્રક્રિયા થકી તમને માર્ગદર્શન આપવા માંગીએ છીએ.



# અનુક્રમણિકા


પૃષ્ઠ 4

**વૈકલ્પિક શિક્ષણ ફ્રેમવર્ક શું છે?**

પૃષ્ઠ 5

**વૈકલ્પિક શિક્ષણ ફ્રેમવર્કમાં ભાગ લેવા માટે બાળકને લાયક કેવી રીતે નિર્ધારીત કરવામાં આવે છે?**

પૃષ્ઠ 6

**પ્રક્રિયામાં માતાપિતાની સંમતિ**

પૃષ્ઠ 7

**સંમતિના નિર્ણયો પછી પસંદગીઓ અને પ્રભાવ**

પૃષ્ઠ 8

**વૈકલ્પિક શિક્ષણ ફ્રેમવર્કમાં ભાગ લેતા વિદ્યાર્થીઓ માટે પરિણામો**

પૃષ્ઠ 9

**માતાપિતા માટે ચેકલિસ્ટ**

પૃષ્ઠ 10

**શરતોનો શબ્દકોષ**


વધુ માહિતી માટે અહીં અમારી મુલાકાત લો
**www.marylandpublicschools.org**



# વૈકલ્પિક **શિક્ષણ ફ્રેમવર્ક** શું છે?

વિશેષ શિક્ષણનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે વિકલાંગતા ધરાવતા તમામ પાત્ર બાળકોને નિ:શુલ્ક યોગ્ય જાહેર શિક્ષણ, અથવા FAPE મળે, જે તેમની અનન્ય જરૂરિયાતોને પૂર્ણ કરે અને તેમને વધુ શિક્ષણ, રોજગાર અને સ્વતંત્ર જીવન માટે તૈયાર કરે.

બધા વિદ્યાર્થીઓ પાસે સમાન ગ્રેડ સ્તરના ધોરણો હોવાની અને ઉચ્ચ અપેક્ષાઓ પૂરી કરવાની અપેક્ષા રાખવામાં આવે છે, જો કે, કાયદો માન્યતા આપે છે કે સૌથી નોંધપાત્ર જ્ઞાનાત્મક વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓનું એક નાનું જૂથ, સઘન વિશેષ શિક્ષણ સેવાઓ સાથે પણ, તમામ વિદ્યાર્થીઓને લાગુ પડતા સમાન ધોરણો પ્રાપ્ત કરી શકશે નહીં.

આ વિદ્યાર્થીઓને સંશોધિત ધોરણોનો ઉપયોગ કરીને સૂચના અને મૂલ્યાંકનની જરૂર પડી શકે છે. આ શાળાના સ્ટાફને જરૂરી ગ્રેડ સ્તરની કુશળતા પર ધ્યાન કેન્દ્રિત કરવાની તેમજ સઘન, સીધી સૂચના અને પુનરાવર્તિત અભ્યાસ માટે પરવાનગી આપે છે. જ્યારે વૈકલ્પિક ફ્રેમવર્કનો ઉપયોગ કરીને સૂચનાના આવશ્યક ઘટકો મેરીલેન્ડ કોલેજ અને કારકિર્દી માટે તૈયાર ધોરણો સાથે સંરેખિત હોય છે, ત્યારે તેમાં ફેરફાર કરવામાં આવે છે જેથી વિદ્યાર્થી ગ્રેડ સ્તરના અભ્યાસક્રમમાંથી આગળ વધતા પહેલા મુખ્ય બાબતો શીખી શકે. રાજ્યના મૂલ્યાંકન એ રીતે પણ અલગ છે કે તેઓ ગ્રેડ સ્તરના ધોરણો પર વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરે છે જે અન્ય વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરી શકાય તેના સંદર્ભમાં સંશોધિત અને ઓછા જટિલ છે.

”

[બાળકનો] શૈક્ષણિક કાર્યક્રમ તેના સંજોગોને ધ્યાનમાં રાખીને યોગ્ય રીતે મહત્વાકાંક્ષી હોવો જોઈએ....ધ્યેયો અલગ-અલગ હોઈ શકે છે, પરંતુ દરેક બાળકને પડકારરૂપ ઉદ્દેશ્યોને પૂર્ણ કરવાની તક મળવી જોઈએ.”

— Endrew F. v. Douglas County School Dist. _ U.S. _ (2017)

# બાળકની આ માટે પાત્રતા કેવી રીતે નક્કી કરવામાં આવે છે **વૈકલ્પિક શિક્ષણ ફ્રેમવર્કમાં ભાગ લેવા માટે?**

વૈકલ્પિક શિક્ષણ ફ્રેમવર્કમાં ભાગ લેવા માટે પાત્ર થવા તમારા બાળકની ઇન્ડીવિડયુઅલાઇઝ્ડ એડયુકેશન પ્રોગ્રામ (IEP) ટીમ, જેમાં તમારો સમાવેશ થાય છે, દર વર્ષે આનો નિર્ણય લેશે. જો IEP ટીમને શંકા હોય કે તમારું બાળક વૈકલ્પિક ફ્રેમવર્કમાં ભાગ લેવા માટે પાત્ર હોઈ શકે છે કારણ કે તે નોંધપાત્ર જ્ઞાનાત્મક વિકલાંગતા ધરાવે છે, તો ટીમ IEP ના ભાગ રૂપે "પરિશિષ્ટ A" તરીકે ઓળખાતા દસ્તાવેજને પૂર્ણ કરશે. આ દસ્તાવેજ નીચે મુજબની બાબતો ધ્યાનમાં લે છે:

1. શું વિદ્યાર્થી એ IEP ધરાવે છે જેમાં ખાસ ડિઝાઇન કરેલ સૂચના અને પ્રદર્શન ડેટાનો સમાવેશ થાય છે જે દર્શાવે છે કે આ આધારો હોવા છતાં, વિદ્યાર્થી સામાન્ય ધોરણો શીખી શકે નહીં? અને
2. શું વિદ્યાર્થી નોંધપાત્ર જ્ઞાનાત્મક વિકલાંગતા ધરાવે છે? અને
3. શું વિદ્યાર્થીની શીખવાની સામગ્રી મેરીલેન્ડ કોલેજ અને અંગ્રેજી/ભાષા કલા, ગણિત અને  ગ્રેડ લેવલના અભ્યાસક્રમ સાથે સંરેખિત નેક્સ્ટ જનરેશન સાયન્સ સ્ટાન્ડર્ડ્સમાંથી મેળવેલ છે, જેમાં વિદ્યાર્થીની પ્રગતિ માટે  નોંધપાત્ર સુધારણા કરેલ છે? અને
4. શું વિદ્યાર્થીને અનુકૂલિત અને સંશોધિત અભ્યાસક્રમમાં માપી શકાય તેવા ફાયદાઓ પ્રાપ્ત કરવા માટે વ્યાપક, સીધા, વ્યક્તિગત અને પુનરાવર્તિત સૂચના અને નોંધપાત્ર સમર્થનની જરૂર છે?



# **પ્રક્રિયામાં** માતાપિતાની સંમતિ

મેરીલેન્ડમાં, સંશોધિત અભ્યાસક્રમ અને વૈકલ્પિક રાજ્ય મૂલ્યાંકનોમાં ભાગ લેવા માટે અલગ સંમતિ જરૂરી છે, તેથી માતાપિતાને બે વાર સહી કરવાનું કહેવામાં આવશે. બંને નિર્ણયો-અભ્યાસક્રમમાં ભાગીદારી અને મૂલ્યાંકન- દર વર્ષે લેવામાં આવે છે, ખાસ કરીને તમારા બાળકની વાર્ષિક સમીક્ષા બેઠકમાં.

માતાપિતાએ સમજવું જોઈએ કે આ બે સ્વતંત્ર નિર્ણયો છે. પહેલો નિર્ણય, તમારું બાળક સંશોધિત ધોરણોમાં ભાગ લે છે કે કેમ, તે સંબોધે છે કે તમારું બાળક દરરોજ શું શીખશે. તમારી સંમતિથી, તમારા બાળકને હજુ પણ ગ્રેડ લેવલના ધોરણોના "આવશ્યક તત્વો" શીખવાની જરૂર પડશે, પરંતુ તેમાં ફેરફાર કરવામાં આવશે. (નીચેનું ઉદાહરણ જુઓ).

બીજો નિર્ણય, તમારા બાળકને વૈકલ્પિક રાજ્ય આકારણીઓમાં ભાગ લેવા માટે સંમતિ આપવી કે કેમ તે પણ વાર્ષિક લેવામાં આવે છે.

માતાપિતાને કોઈપણ સમયે આમાંથી એક અથવા બંને નિર્ણયો માટે સંમતિ રદ કરવાનો અધિકાર છે. જો માતાપિતા અનિશ્ચિત હોવાને કારણે અથવા કોઈ અન્ય કારણોસર નિર્ણય લેતા નથી, તો IEP ટીમ 15 કેલેન્ડર દિવસ પછી તેમના નિર્ણયને અમલમાં મૂકશે.

| 5મા ગ્રેડ લેવલનું ધોરણ | ગ્રેડ 5ના ધોરણમાંથી આવશ્યક તત્વ |
|---|---|
| લખાણમાં ચોક્કસ માહિતીના આધારે ઐતિહાસિક, વૈજ્ઞાનિક અથવા તકનીકી લખાણમાં બે અથવા વધુ વ્યક્તિઓ, ઘટનાઓ, વિચારો અથવા બાબતો વચ્ચેના સંબંધો અથવા ક્રિયાપ્રતિક્રિયાઓ સમજાવો. | લખાણમાં બે વ્યક્તિઓ, ઘટનાઓ અથવા વિચારોની તુલના કરો |
| આવશ્યક પ્રશ્ન: બિલ ઑફ રાઇટ્સ યુનાઇટેડ સ્ટેટ્સના નાગરિકોનું રક્ષણ કેવી રીતે કરે છે? વિદ્યાર્થી વિશ્લેષણ કરશે કે કેવી રીતે વિવિધ રુચિઓ ધરાવતી વ્યક્તિઓ ફેડરલિસ્ટ અને એન્ટિ ફેડ્રલિસ્ટ પરિપ્રેક્ષ્યોના ઉદભવમાં ફાળો આપે છે;<br><br>Daniel Carrol, Luther Martin અને John Francis Mercer વચ્ચેની બહાલી અગેની ચર્ચાને Maryland ના અધિકારોની ઘોષણા કેવી રીતે પ્રભાવિત કરે છે તેનું મૂલ્યાંકન કરો;<br><br>બંધારણના પ્રથમ દસ સુધારાના હેતુ અને મહત્વને ઓળખો;<br><br>મેરીલેન્ડ અને રાષ્ટ્રમાં વર્તમાન સમયમાં સુધારાનો ઉપયોગ કેવી રીતે થાય છે તેનું અન્વેષણ કરો. | આવશ્યક પ્રશ્ન: બિલ ઑફ રાઇટ્સ યુનાઇટેડ સ્ટેટ્સના નાગરિકોનું રક્ષણ કેવી રીતે કરે છે? વિદ્યાર્થીઓ US બંધારણના પ્રથમ દસ સુધારાઓ વાંચશે અને Maryland અને રાષ્ટ્રમાં વર્તમાન સમયમાં તેનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે તેનું અન્વેષણ કરશે. |



# માતાપિતાની સંમતિ પછીની પસંદગીઓ અને પ્રભાવ

માતાપિતાએ તેમના બાળકને વૈકલ્પિક શૈક્ષણિક ફ્રેમવર્કમાં ભાગ લેવા માટે સંમતિ આપવી આવશ્યક છે. જો તેઓ ના કહે તો, તેમના બાળકને  ફેરફાર ન કરાયેલ ગ્રેડ સ્તરના ધોરણો સાથે સામાન્ય અભ્યાસક્રમમાં નિપુણતા પ્રાપ્ત કરવાની જરૂર પડશે, જેમાં તેમના IEP માં દર્શાવેલ વિશેષ શિક્ષણ સપોર્ટ અને સેવાઓ પ્રદાન કરવામાં આવશે. તેઓનું મૂલ્યાંકન ગ્રેડ તમારી શાળા સિસ્ટમની નીતિઓ અનુસાર સામાન્ય શિક્ષણના વિદ્યાર્થી તરીકે કરવામાં આવશે. તેઓનું મૂલ્યાંકન રાજ્યના સામાન્ય મૂલ્યાંકનોની અનુમતિપાત્ર રહેઠાણ અને સપોર્ટનો ઉપયોગ કરીને પણ કરવામાં આવશે.

તમારા બાળક માટે સંશોધિત શિક્ષણ ધોરણો અને વૈકલ્પિક રાજ્ય મૂલ્યાંકનોમાં ભાગ લેવા માટે અલગ સંમતિ જરૂરી છે. જ્યારે તે બે નિર્ણયો સંરેખિત હોઈ શકે છે, ત્યારે માતાપિતા એક માટે સંમતિ આપવાનું અને બીજા માટે નહીં, બંને માટે અથવા કોઈ માટે નહીં આપવાનું પસંદ કરી શકે છે. જો IEP ટીમે પરિશિષ્ટ A પૂર્ણ કર્યું હોય અને નક્કી કર્યું હોય કે બાળક વૈકલ્પિક શિક્ષણ ફ્રેમવર્કમાં ભાગ લેવા માટે લાયક છે, તો પણ માતાપિતા તેમને તેમ કરવા માટે સંમતિ ન આપવાનું નક્કી કરી શકે છે. શાળા બાળકને નિ:શુલ્ક યોગ્ય જાહેર શિક્ષણ (Free Appropriate Public Education) (FAPE) પ્રદાન કરવા માટે જવાબદાર રહે છે. જો શાળા નક્કી કરે છે કે વિદ્યાર્થી માટે વૈકલ્પિક ફ્રેમવર્કમાં ભાગ લેવા માટે એકમાત્ર રસ્તો બાળકને FAPE પ્રદાન કરવાનો છે, તો તેઓએ વિવાદ ઉકેલવા માટે મધ્યસ્થી અને/અથવા યોગ્ય પ્રક્રિયા સુનાવણી દ્વારા ઔપચારિક વિવાદ નિવારણ પ્રક્રિયાઓ અનુસરવી આવશ્યક છે. આ ફેડરલ અને રાજ્ય કાયદા દ્વારા જરૂરી છે.

સંમતિ આપવી કે કેમ તે અંગે નિર્ણય લેતી વખતે, માતાપિતાએ ધ્યાનમાં રાખવું જોઈએ કે:

- સહભાગિતાનો નિર્ણય વાર્ષિકપણે લેવામાં આવે છે;
- તેઓ કોઈપણ સમયે સંમતિ રદ કરી શકે છે;
- સહભાગિતાનો નિર્ણય પ્લેસમેન્ટ, શીખવાનું વાતાવરણ, શાળા અથવા કાર્યક્રમ નક્કી કરતું નથી;
- બાળક જેટલા લાંબા સમય સુધી વૈકલ્પિક ફ્રેમવર્કમાં ભાગ લે છે, તેટલી ઓછી શક્યતા છે કે તેઓ ડિપ્લોમા મેળવવા સક્ષમ હશે; જોકે;
- જો શક્ય હોય તો તમારું બાળક હજુ પણ ડિપ્લોમા મેળવવાનો પ્રયાસ કરી શકે છે.

# **વૈકલ્પિક શિક્ષણ ફ્રેમવર્કમાં** ભાગ લેતા વિદ્યાર્થીઓ માટે પરિણામો



બધા વિદ્યાર્થીઓ પાસે તેમની અનન્ય જરૂરિયાતોને પહોંચી વળવા માટે રચાયેલ સખત સૂચનાની અપેક્ષા રાખવામાં આવે છે. વૈકલ્પિક શિક્ષણ ફ્રેમવર્કમાં સહભાગિતા તમારા બાળકની કોઈ ચોક્કસ પ્લેસમેન્ટ નક્કી કરતી નથી. આ સંપૂર્ણપણે અલગ નિર્ણયો છે અને વિકલાંગ વ્યક્તિઓ માટે શિક્ષણ અધિનિયમ (Individuals with Disability Education Act)) (IDEA) નો આદેશ છે કે તમામ વિદ્યાર્થીઓને શક્ય તેટલી મહત્તમ હદ સુધી તેમના બિન-વિકલાંગ સાથીઓ સાથે શિક્ષિત કરવામાં આવે. આ આદેશ નોંધપાત્ર જ્ઞાનાત્મક વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને સમાનરૂપે લાગુ પડે છે. તેઓ વૈકલ્પિક શિક્ષણ ફ્રેમવર્કમાં ભાગ લે છે તેનાથી એ જરૂરી નથી કે તેઓને અલગ પ્રોગ્રામ, વર્ગખંડ અથવા શાળામાં શિક્ષિત કરવામાં આવે, સિવાય કે તમારા બાળકની વ્યક્તિગત જરૂરિયાતો માટે તે આવશ્યક હોય કે તેમને સામાન્ય શિક્ષણ વર્ગખંડની બહાર સૂચનો આપવામાં આવે.

માતા-પિતાએ સમજવું જોઈએ કે પ્રાથમિક શાળાથી આગળ, તેમનું બાળક વૈકલ્પિક ફ્રેમવર્કમાં, અથવા તો વર્ગખંડની સૂચના અને રાજ્ય મૂલ્યાંકન બંનેમાં જેટલો લાંબો સમય ભાગ લે છે, વિદ્યાર્થી માટે શીખવું અને ક્રેડિટ મેળવવા માટે આવશ્યક સામાન્ય ગ્રેડ લેવલના અભ્યાસક્રમના ધોરણો માટે તેમનું મૂલ્યાંકન કરવું તેમજ હાઈસ્કૂલમાં પહોંચ્યા પછી તેમના ડિપ્લોમા મેળવવા માટે જરૂરી સ્ટેટ એસેસમેન્ટ પાસ કરવું વધુ મુશ્કેલ બનશે.  જો કે, ડિપ્લોમા મેળવવા માટે થઈને, વૈકલ્પિક શિક્ષણ ફ્રેમવર્કમાં ભાગ લેતા કોઈપણ વિદ્યાર્થીને નિરુત્સાહ કરવા જોઈએ નહીં.

જે વિદ્યાર્થીઓ તેમનો ડિપ્લોમા મેળવવામાં અસમર્થ હોય તેઓને Maryland Certificate of Program Completion પ્રાપ્ત થશે. ઉચ્ચ અપેક્ષાઓ અને યોજનાઓ સાથે, તેમનું શિક્ષણ તેમને કારકિર્દી અને સ્વતંત્રતા અને સફળતા સાથે જીવતા સમુદાયમાં સંક્રમણ માટે તૈયાર કરશે.



# **માતાપિતા** માટે ચેકલિસ્ટ

## શું તમે નીચેના પ્રશ્નોના જવાબ "હા" આપી શકો છો?

જો નહિં, તો તમારા બાળકના કેસ મેનેજરને, તમારા બાળકના વ્યવસ્થાપકને, તમારી સ્કૂલ સિસ્ટમમાં ફેમિલી સપોર્ટ કોઓર્ડિનેટરને અથવા MSDE ખાતેની ફેમિલી સપોર્ટ ટીમને કૉલ કરો.

### વૈકલ્પિક શિક્ષણ ફ્રેમવર્ક

- ❍ શું હું સમજી શકું છું કે મેરીલેન્ડમાં વૈકલ્પિક શિક્ષણ ફ્રેમવર્કમાં ભાગ લેવા માટે વિદ્યાર્થી કેવી રીતે લાયક ઠરે છે?
- ❍ શું હું મારા સંમતિના અધિકાર અને તે નિર્ણયોના પરિણામો વિશે સમજું છું?
- ❍ શું હું નિર્ણય લેવાની પ્રક્રિયામાં મારી ભૂમિકાને સમજું છું?
- ❍ શું હું જાણું છું કે હું મારા બાળકના શિક્ષણ માટે આયોજન કરવામાં મારા પરિવારની ચિંતાઓ અને પ્રાથમિકતાઓને શેર કરી શકું છું?
- ❍ શું હું સમજું છું કે મારા બાળકને વૈકલ્પિક ફ્રેમવર્કમાં ભાગ લેવા માટે મારે વાર્ષિક લેખિત સંમતિ આપવી પડશે?
- ❍ શું હું મારા નિર્ણયોના આધારે શાળા તંત્ર દ્વારા લેવામાં આવતા પગલાઓ વિશે સમજું છું?
- ❍ શું હું વૈકલ્પિક ફ્રેમવર્કમાં મારા બાળકની ભાગીદારી અંગેના મારા નિર્ણયોના સંભવિત પરિણામોને સમજી શકું છું?
- ❍ જો મારું બાળક વૈકલ્પિક શિક્ષણ ફ્રેમવર્કમાં ભાગ લેવા માટે લાયક જણાયું, તો શું હું સમજી શકું છું કે શા માટે?

# માધ્યમિકમાં સંક્રમણના શબ્દો માટે
# **શબ્દાવલિ**

**વૈકલ્પિક શૈક્ષણિક ફ્રેમવર્ક**
સૌથી નોંધપાત્ર જ્ઞાનાત્મક વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે સૂચના અને મૂલ્યાંકન બંનેનો સમાવેશ થાય છે.

**મેરીલેન્ડ કોલેજ અને કરીયર રેડી સ્ટાન્ડર્ડ્સ (MCCRS)**
રાજ્ય-વ્યાપી ગ્રેડ સ્તરના ધોરણો જે તમામ વિદ્યાર્થીઓ માટે સ્પષ્ટ, ઉચ્ચ-ગુણવત્તાવાળી, શૈક્ષણિક અપેક્ષાઓ પ્રદાન કરે છે.

**નોંધપાત્ર જ્ઞાનાત્મક ખોટ**
વિદ્યાર્થીના અનુકૂલનશીલતા, પ્રદર્શન, જ્ઞાનાત્મક, શીખવાની પ્રોફાઇલને પ્રતિબિંબિત કરતા ડેટાનું સંકલન.

**આવશ્યક તત્વો**
તમામ વિદ્યાર્થીઓ ઉચ્ચ શૈક્ષણિક પરિણામો હાંસલ કરે તેની ખાતરી કરવા માટે ગ્રેડ સ્તરના સિદ્ધિ ધોરણો જે MCCRS માંથી લેવામાં આવેલ અને તેની સાથે સંરેખિત છે.

**પરિશિષ્ટ એ**
IEP ફોર્મ કે જે વિદ્યાર્થી વૈકલ્પિક શૈક્ષણિક ફ્રેમવર્કમાં ભાગ લેવા માટેના માપદંડોને પૂર્ણ કરે છે કે કેમ તે નિર્ધારિત કરવા માટે ટીમ વાર્ષિક ધોરણે ભરશે.

**MCAP (maryland Comprehensive Assessment Program)**
સ્ટેટ એસેસમેન્ટ પ્રોગ્રામ કે જે મેરીલેન્ડ કૉલેજ અને કારકિર્દી માટે તૈયાર ધોરણો પર પ્રાવીણ્ય તરફ વિદ્યાર્થીઓની પ્રગતિ વિશે શિક્ષકો, માતાપિતા અને જનતાને માહિતી પ્રદાન કરે છે.



**MARYLAND STATE DEPARTMENT OF EDUCATION**

**Mohammed Chaudhury**
State Superintendent of Schools

**Dr. Deann Collins**
Deputy Superintendent for Office of Teaching and Learning

**Clarence C. Crawford**
President, Maryland State Board of Education

**Wes Moore**
Governor

© 2023 Maryland State Department of Education
આ પ્રકાશન Maryland State Department of Education, Division of Early Intervention and Special Education Services દ્વારા US Department of Education, Grant #H393A090124A, PL 105-17/111-5 Individuals with Disabilities Education Act/ American Recovery and Reinvestment Act હેઠળ શીશુઓ અને પરિવારો “Recovery Fund” માટે વિશેષ શિક્ષણ-અનુદાનના ભંડોળ સાથે વિકસાવવામાં આવ્યું હતું. Maryland State Department of Education, Division of Early Intervention and Special Education Services એ Maryland Infants and Toddlers Program માટે મુખ્ય એજેન્સી છે, આ પ્રોગ્રામ રાજ્ય અને સ્થાનિક એજેન્સીઓ અને સંસ્થાઓ દ્વારા સંકલિત સેવાઓ અને સમર્થનનો રાજ્યવ્યાપી કાર્યક્રમ છે. આ પ્રકાશનમાં સમાવિષ્ટ માહિતીની નકલ અથવા વહેંચનારા વપરાશકર્તાઓએ Maryland State Department of Education, Division of Early Intervention and Special Education Service, Dr. Dean Collins, Superintended for Office of Teaching and Learning ને ક્રેડિટ આપવી જરૂરી છે.



MARYLAND STATE DEPARTMENT OF
EDUCATION
EQUITY AND EXCELLENCE

410-767-0100

www.marylandpublicschools.org

200 West Baltimore Street
Baltimore, MD 21201-2595